પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૦ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર ; માગસર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પ્રથમ તબક્કામાં ૬૮ ટકા મતદાન

## ૧૯ જિલ્લાની ૮૯ બેઠક પર ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા
## ૧૮ ડિસેમ્બરે પરિણામ : ૨૦૧૨ની તુલનામાં ત્રણ ટકા ઓછુ મતદાન

### મહાનુભાવોનું મતદાન











અમદાવાદ, તા.૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે શાંતિપૂર્ણરીતે ૬૮ ટકા મતદાન થયું હતું. આની સાથે જ ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો હવે ૧૮મીના દિવસે થશે. સવારે મતદાનની પ્રક્રિયા આઠ વાગે શરૂ થયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હતી ત્યારબાદ લાઈનમાં ઉભા રહેલા મતદારોને ટોકન આપવામાં આવ્યા હતા અને તેમને મતદાન કરવાની તક અપાઈ હતી. એકંદરે મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી પંચે પત્રકાર પરિષદ યોજીને તમામ આંકડા આપ્યા હતા અને ૬૮ ટકા મતદાન થયાની વાત કરી હતી. ૬૮ ટકા મતદાન થયા બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાનીરીતે જીતના દાવા કરવામાં આવ્યા હતા. જુદા જુદા વિસ્તારોમાં ઉંચુ મતદાન થયું હતું. વલસાડમાં ૭૦ ટકા, કચ્છમાં ૬૩ ટકા, સુરેન્દ્રનગરમાં ૬૫ ટકા, મોરબીમાં ૭૫, રાજકોટમાં ૭૦, જામનગરમાં ૬૫, જુનાગઢમાં ૬૫, અમરેલી ૬૭, બોટાદ ૬૦, ભરુચ ૭૧ ટકા, ડાંગ ૭૧ ટકા, ભાવનગર ૬૨, તાપી ૭૩, નવસારી ૭૫ ટકા, કચ્છ ૬૩ ટકા, દેવભૂમિ દ્વારકા ૬૩, ગીરસોમનાથ ૭૦, નર્મદામાં ૭૩ મતદાન થયું હતું. તમામ જગ્યાએ

● અનુસંધાન પાના - ૫ પર

### ક્યાં કેટલું મતદાન

| | |
|---|---|
| વલસાડ | ૭૦ ટકા |
| કચ્છ | ૬૩ ટકા |
| સુરેન્દ્રનગર | ૬૫ ટકા |
| મોરબી | ૭૫ ટકા |
| રાજકોટ | ૭૦ ટકા |
| જામનગર | ૬૫ ટકા |
| જુનાગઢ | ૬૫ ટકા |
| અમરેલી | ૬૭ ટકા |
| બોટાદ | ૬૦ ટકા |
| ભરુચ | ૭૧ ટકા |
| ડાંગ | ૭૧ ટકા |
| ભાવનગર | ૬૨ ટકા |
| તાપી | ૭૩ ટકા |
| નવસારી | ૭૫ ટકા |
| કચ્છ | ૬૩ ટકા |
| દેવભૂમિ દ્વારકા | ૬૩ ટકા |
| ગીરસોમનાથ | ૭૦ ટકા |
| નર્મદા | ૭૩ ટકા |
| પોરબંદર | ૬૦-૬૨ ટકા |








**જોઈએ છે**

(૧) કોઈપણ ટ્રેડના ડિપ્લોમા એન્જિનિયર
કામની જગ્યા : અમદાવાદ અથવા ગાંધીનગર
પગાર : રૂ. ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦

(૨) MBA ફાઈનાન્સ ટેલીના જાણકાર
પગાર : રૂ. ૧૫,૦૦૦/-

બાયોડેટા ઈમેલ કરો
bb.chavda@yahooo.com
Mo. 97129 75136

**વજન ઘટાડો ૧૦૦% ગેરંટી સાથે**

ઘટ્યા પછી વધી નહીં તેની પણ ૧૦૦% ગેરંટી મેદસ્વીતા, જરૂર કરતા વધારે વજન એ અનેક રોગોનું પ્રવેશદ્વાર છે. તેમાંથી મુક્તિ મેળવવા સંપર્ક કરો.

**વૈદ્યશ્રી નંદકુમાર**

મો. 8401433718, 9265439463

નોંધ : સારવાર સંપૂર્ણ આયુર્વેદિક છે. ઘરે બેઠા મેળવી શકાય છે.







